પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.

શાહીબાગ, અમદાવાદ

વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.

Email:Spl1-ahd@gujarat.gov.in

-: જાહેરનામું :-

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ ના નં.-૨) ની કલમ-૧૪૪ અન્વયે થયેલ હુકમ.

ક્રમાંક: વિ.શા/એ-સેકશન/પરમીટ/ મોબાઇલ સીમકાર્ડ જાહેરનામું /૯૫ /૨૦૨૩ તા.૨૫/૦૨/૨૦૨૩

વંચાણે લીધા:-(૧) ના.પો .કમિ.શ્રી, ઝોન-૧ નાઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૧/આરબી/૧૨૯૭/ તા.૨૦/૦૨/૨૦૨૩ તથા,

(૨) ના.પો .કમિ.શ્રી, સાયબર ક્રાઇમ નાઓના પત્ર ક્રમાંક:જી/ ૭૨૫/ના.પો.કમિ.સા.ક્રા/૨૦૯/૨૦૨૩ તા.૨૨/૦૨/૨૦૨૩ અન્વયે.

ગુનાહિત પ્રવૃતિઓ સાથે સંકળાયેલા ઇસમો, પોતાના આર્થિક ફાયદા માટે મોબાઇલ સીમકાર્ડનો દુર ઉપયોગ કરીને લોકોની સાથે છેતરપિંડી, મોબાઇલ ફોન ચોરી તેમજ મિલકત સબંધી તથા અન્ય કિસ્સામાં શરીર સબંધી ગુનાઓમાં મોબાઇલ સીમકાર્ડનો દુર ઉપયોગ કરીને ધાક ધમકી આપતા હોવાના ઘણા ગુનાઓ અમદાવાદ શહેરમાં દાખલ થયેલ છે.

દિન પ્રતિદિન મોબાઇલ ફોનના તથા ઇન્ટરનેટના ઉપયોગ દ્વારા e-કોમર્સનું ચલણ વધી રહ્યું છે. સાયબર સબંધિત ગુનાઓના કામે મોટા ભાગના સીમકાર્ડ ખોટા નામ સરનામાના આધારે મેળવી ગુન્હેગારો દેશના કોઇપણ ખુણે બેસીને અપરાધને અંજામ આપતા હોવાનું ધ્યાને આવેલ છે.

ઘણા ગુનાઓની કામગીરીમાં ગુનાહીત કૃત્ય દરમ્યાન મોબાઇલ ફોન હોવાનું પણ તપાસ એજન્સીઓની તપાસ દરમ્યાન ફલિત થયેલ છે.આથી મોબાઇલ ફોનના સીમકાર્ડના ખરીદ-વેચાણ દરમ્યાન યોગ્ય કાર્યરીતિનું પાલન થાય તે હેતુથી જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી છે.

જેથી હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઇન્ટે.) ગુ.રા.ગાંધીનગર નાઓના કચેરી ક્રમાંક:એન.જી.ઓ./ટેલીફોન બુથ/૧૭૦/૨૦૧૨, તા.૦૩/૦૪/૨૦૧૨ અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨ ની) કલમ-૧૪૪ અન્વયે તથા ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા.૦૮.૧૧.૮૨ ના નોટીફીકેશન નં.જીજી/ ૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જીજી/ ફકઅ/ ૧૦૮૮/ ૬૭૫૦/મ, અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી નીચે મુજબનો હુકમ કરૂ છું:

-:હુકમ -:

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીના હેતુસર મોબાઇલ ફોનના સીમકાર્ડ લેતી વખતે ખરીદનાર વ્યક્તિના માન્ય ઓળખપત્ર તથા રહેઠાણના દસ્તાવેજો ડીસ્ટ્રીબ્યુટર/રીટેલર વિક્રેતાઓએ બરાબર ચકાસણી કરવી તથા તમામ પુરાવાઓની ઝેરોક્ષ રાખવી અથવા ડિઝીટલ ફોર્મમા પુરાવાઓ રાખવા અને આ અંગેના ડીસ્ટ્રીબ્યુટર/રીટેલર દ્વારા ડિઝીટલ એક્ટિવેશન થકી DKYC/ e-KYC કરવામા આવે છે ,જેની માહિતી દરેક ડીસ્ટ્રીબ્યુટર/ રીટેલરે **excel format** માં રાખવાની રેહશે.

ઉપરોક્ત જણાવેલ નામ-સરનામાની માહિતી excel format માં ત્રણ વર્ષ સુધી સાચવવાની રેહશે તથા તેની હાર્ડકોપી કાઢીને રેકોર્ડમાં રાખવાની રહેશે. આ દરમિયાન data theft, data loss કે data corrupt ન થાય તે જોવાની જવાબદારી ડીસ્ટ્રીબ્યુટર/રીટેલરે વિક્રેતાની રહેશે અને ખરીદનાર વ્યક્તિના માન્ય ઓળખપત્ર તથા રહેઠાણના દસ્તાવેજોના પુરાવાની માહિતીનું રજીસ્ટર રાખવું અને તેની ઓળખ અંગેની ફરજિયાત નોંધણી રજીસ્ટરો નિભાવીને કરવાની રહેશે. ઉપરોકત જણાવેલ તમામ માહિતી ત્રણ વર્ષ સુધી સાચવવાની રહેશે.

આ હુકમ તા.૨૮/૦૨/૨૦૨૩ ના કલાક ૦૦/૦૦ થી તા.૨૮/૦૪/૨૦૨૩ ના કલાક ૨૪/૦૦ સુધી દિન-૬૦ માટે અમલમાં રહેશે.

-:વિસ્તાર:-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

-: જાહેર વિજ્ઞાપન:-

તમામને વ્યકિતગત રીતે નોટીસોની બજવણી કરવી શક્ય ન હોઇ આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ તેવી જાહેર જગ્યાઓએ નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ Social media એકાઉન્ટસ ઉપર સ્થાનીક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનનાં સિનિયર પોલીસ ઇન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશનર, નાયબ પોલીસ કમિશનર તથા પોલીસ કમિશનર કચેરીનાં નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

-:શિક્ષા:-

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડકોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે આઈ.પી.સી કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે .

આજ તારીખ૨૪/૦૨/ ૨૦૨૩ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.

(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.

(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.

(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.

(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.

(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.

(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.

(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.

(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.

(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ શહેર.

(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.

(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ.

(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.

(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી,સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર અમદાવાદ શહેર.

(૧૬) સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક, વહિવટ, મુખ્ય મથક, સેકટર-૨ અમદાવાદ શહેર.

(૧૭) અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧, ક્રાઈમ બ્રાંચ અમદાવાદ શહેર.

(૧૮) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.

(૧૯) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૦) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે), અમદાવાદ શહેર.

(૨૧) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૨) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)

(૨૩) તમામ પો.ઈન્સશ્રીઓ, અમદાવાદ શહેર.( જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૨૪) પો.ઈન્સશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૫) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.

(૨૬) પો.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(૨૭) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P. Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૮) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ) અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ